**રેફરન્સ કેસ નં.૧૧/૨૦૨૫**

**– : આંક –૧૦ ની અરજી તળે હુકમ :–**

**૧.** આ કામમાં  પ્રથમ પક્ષકારને સામાવાળા અને બીજા પક્ષકારને અરજદાર તરીકે સંબોધવામાં આવેલ છે.

**૨.** અરજદાર તરફે આંક–૧૦ થી અરજી આપી સામાવાળાના કબજામાં રહેલ (૧) અરજદારને નોકરીમાં રાખ્યા અંગેનો નિમણુંક હુકમ, (૨) અરજદારે સામાવાળા સંસ્થામાં નોકરી કરેલ તેનુ હાજરીપત્રક, પગારપત્રક, પગારના વાઉચર વગેરે તમામ દસ્તાવેજો, (૩) અરજદારને નોકરીમાંથી કયા કારણસર છુટા કરેલ તે કારણો અંગેનો છુટા કર્યાનો હુકમ, (૪) અરજદારને નોકરીમાંથી છુટા કરતા પહેલા આપેલ નોટીસ, (૫) અરજદારને છુટા કરતી વખતે જે નોટીસ પગાર ચુકવેલ હોય તે વાઉચર, (૬) અરજદારને છુટા કર્યા બાદ તેઓની જગ્યા ઉપર કામે રાખેલ નોકરીયાતનુ નામ, સરનામુ અને કઈ તારીખે નીમણુંક આપેલ તેનો લેટર, (૭) અરજદારને જે નીમણુંક ઓર્ડર આપેલ તેનો પી.એફ. જે જમા થયેલ તે પી.એફ.નંબર, (૮) અરજદાર તથા યુનીયન મારફતે જે અવાર નવાર લેખીત રજુઅત થયેલ તે તમામ પત્રો તથા સેટલમેન્ટની જોગવાઈઓ, (૯) અરજદારના આઈકાર્ડના ઉતારાની નકલ અત્રેની અદાલત સામે રજુ કરતો હુકમ કરવા અરજ કરેલ છે તથા અરજીના સમર્થનમાં આંક–૧૩ થી સોગંદનામું રજુ કરેલ છે.

**3.** સામાવાળા તરફે  હાલની અરજી સંબંધે આંક–૧૪ થી વાંધા જવાબ રજુ કરી જણાવેલ છે કે અરજદારની હાલની અરજી તદન ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને શુધ્ધબુધ્ધિપૂર્વકની ન હોય, રદ થવા પાત્ર છે. અરજદાર દ્વારા જે દસ્તાવેજોની માંગણી કરેલ છે તે અંગે કોઈ જસ્ટીફીકેશન આપેલ નથી કે હાલના કેસ સાથે શુ નિસ્બત છે ? શુ જરૂરીયાત છે ? તે અંગે કોઈ ખુલાસા કરેલ નથી. સામાવાળા દ્વારા તેઓ પાસે રહેલ તમામ દસ્તાવેજો રજુ રાખેલ છે. અરજદારે તેઓને સને ૨૦૦૧ ના વર્ષમાં છુટા કર્યાનુ જણાવી આશરે ૨૪ વર્ષ ના લાંબા ગાળા બાદ હાલનો રેફરન્સ કેસ દાખલ કરેલ છે તથા અરજદાર ૪૧ વર્ષ પહેલાનો રેકર્ડ માંગવા હકકદાર નથી. અરજદાર દ્વારા માંગવામાં આવેલ દસ્તાવેજો ખુબ જ જુના સમયના છે તથા આવા કોઈ રેકર્ડ સાચવવાની જવાબદારી સામાવાળાની નથી.

અરજદારે તુટક તુટક હંગામી પ્રકારની સમય મર્યાદાના હુકમ મુજબ શરતોને આધીન નોકરી કરેલ. એ રીતે અરજદારની હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૪. અરજદાર તરફે વિ.વ.શ્રી એચ.વી.ધોરાજીયાએ તેમની અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરી તેમજ સામાવાળા તરફે વિ.વ.શ્રી એચ.ડી.રાઠોડે તેઓના વાંધા જવાબની હકીકતોનુ પુનરાવર્તન કરી વિસ્તૃત મૌખિક દલીલો કરેલ છે જે સાંભળી તેમજ સામાવાળા તરફે તેઓની દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ૧૯૯૩(૧) જીએલઆર પાના–૩૦૬ તથા ૧૯૯૧(૧) જીએલઆર પાના–૨૭૯ તથા નામદાર બોમ્બે હાઈકોર્ટ ના ૧૯૭૫ લેબ.આઈસી પાના–૫૧૭ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ રજુ કરેલ છે.

૫. સમગ્ર રેકર્ડ વંચાણે લીધુ. અરજદારે તેઓના માંગણા નિવેદનમાં તેઓ સામાવાળા કંપનીમાં કોર્નર/હેલ્પર તરીકે તા.૧/૩/૯૫ થી નોકરી કરતા હોવાનુ તથા તેઓને તા.૪/૭/૨૦૦૧ ના રોજ નોકરીમાંથી મૌખીક હુકમથી છુટા કરવા સંબંધે હાલનો રેફરન્સ ઉપસ્થિત કરેલ હોવાનુ જણાવેલ છે જયારે આંક–૯ થી સામાવાળા તરફે લેખીત જવાબ રજુ કરી અરજદારે હાલનો રેફરન્સ આશરે ૨૪ વર્ષ બાદ દાખલ કરેલ હોય, ડીલેનો બાધ નડતો હોવાનુ તથા આટલો જુનુ રેકર્ડ મળી શકે તેમ ન હોવાનુ તથા આવુ રેકર્ડ સાચવી રાખવાની કંપનીની જવાબદારી થતી ન હોવાનુ તથા અરજદારે તુટક તુટક હંગામી ધોરણે શરતોને આધીન ફીકસ ટર્મ કોન્ટ્રાકટમાં કામ કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં હાલના કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા માટે અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકના સબંધો છે કે કેમ ? તથા અરજદારને સામાવાળા પગાર ચુકવતા કે કેમ ? તેમજ અરજદારને છુટા કર્યા પહેલા ૨૪૦ દીવસ નોકરી કરેલ છે કે કેમ? તથા અરજદારના રેફરન્સને ડીલે લીચીસનો બાધ નડે છે કે કેમ ? તે અંગેની તકરાર રહેલ છે. વધુમાં અરજદારની હાલની આંક–૧૦ ની ડીસ્કવરી અરજી વંચાણે લેતા, તેમાં અરજદાર ધ્વારા માંગવામાં આવેલ ક્રમ નં.૧ થી ૯ ના દસ્તાવેજોનુ કોઈ સ્પષ્ટીકરણ કરેલ નથી કે તેમાં કોઈ સમયગાળો જણાવેલ નથી કે આ દસ્તાવેજોની હાલના રેફરન્સના કામે કઈ રીતે જરૂરીયાત છે તેનુ કોઈ જસ્ટીફીકેશન આપેલ નથી. વધુમાં સામાવાળા ધ્વારા આંક–૧૧ ના લીસ્ટથી તેઓના કબજામાં રહેલા દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં અરજદારે

નોકરી માટે આપેલ તા.૩/૫/૨૦૦૦ ની અરજીની નકલ, કંપનીના જોઈનીંગ રીપોર્ટની નકલ, અરજદારને ઈશ્યુ કરેલ તા.૩/૫/૨૦૦૦ થી તા.૧૭/૫/૨૦૦૦ સુધીના તસુધીના ટેમ્પરરી નીમણુંકના હુકમની નકલ, કંપનીના તા.૨૧/૪/૨૦૦૦ ના ઈન્ટરનલ કોમ્યુનીકેશનની નકલ રજુ રાખેલ છે. એ રીતે સામાવાળા ધ્વારા તેઓના વાંધા જવાબમાં લેવામાં આવેલ તકરાર મુજબ તેઓ હસ્તક રહેલ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ હોવાનુ નીકળી આવે છે. આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબનો દસ્તાવેજો અંગે કોઈ સ્પષ્ટીકરણ કે સમયગાળો જણાવેલ ન હોય તેમજ અરજદારે હાલનો રેફરન્સ કેસ આશરે ૨૪ વર્ષના લાંબા સમયગાળા બાદ દાખલ કરેલ હોય ત્યારે સ્વાભાવિક રીતે સામાવાળા કંપની પાસે આટલા લાંબા સમય બાદ અરજદારના માંગ્યા મુજબનુ રેકર્ડ મળી આવે તેવી અપેક્ષા રાખી શકાય નહી. વધુમાં કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે અને જે વ્યકિત પોતાના હકક માટે સુષુપ્ત અથવા નિદ્રાધીન રહેલ હોય તો તેને કાયદો મદદ કરે નહીં. જે વ્યકિત પોતાના અધિકાર માટે બેદરકાર કે લાપરવાહ હોય તેને પણ કાયદો મદદ કરે નહીં. હાલના કીસ્સામાં અરજદાર ધ્વારા આશરે ૨૪ વર્ષના લાંબા સમયગાળા બાદ હાલનો વિવાદ ઉપસ્થિત કરી, આ કામે સામાવાળા પાસે દસ્તાવેજોની માંગણી કરેલ છે. વળી અરજદારે તેમનો કેસ પોતાના પુરાવાથી રજુ કરવો જોઈએ રોવીંગ અને ફીસીંગ ઈન્કવાયરી માટે પરવાનગી આપી શકાય નહીં આવા સંજોગોમાં અરજદારે તરફે કરવામાં આવેલ દલીલ માનવા પાત્ર નથી ત્યારે સામાવાળા તરફે કરવામાં આવેલ દલીલોમાં વજૂદ જણાતુ હોય હાલની અરજી ચાલવાપાત્ર જણાતી નથી. વધુમાં સામાવાળા સંસ્થા તરફે તેઓની દલીલના સમર્થનમાં રજુ કરેલ ૧૯૯૧ (૧) જીએલઆર પાના–૨૭૯ ઉપર પ્રસિઘ્ધ થયેલ યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ વિ. હેમતભાઈ રણછોડભાઈ વેગરના ચુકાદામાં તથા ૧૯૯૩(૧) જીએલઆર પાના–૩૦૬ ઉપર પ્રસિઘ્ધ થયેલ મે.કિનારીવાલા, આર.જે.કે. ઈન્ડસ્ટ્રીઝ. વિ. માઈટી લેબર એસોસીએશન ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમજ ૧૯૭૫ લેબ આઈ.સી. પાના–૫૧૭ ઉપર પ્રસિઘ્ધ થયેલ મે.ટવેન્ટીથ સેન્ચુરી

ફોક્ષ કોર્પોરેશન (ઈન્ડીયા પ્રા.લી.) વિ. એફ. એચ.લાલા અને બીજાઓના ચુકાદામાં નામ.બોમ્બે હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તથા આ અદાલતના ધ્યાન પર આવેલ લોઝ (જીજેએચ) ૧૯૯૨–૮–૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ લોઝ(જીજેએચ) ૨૦૦૧ –૬–૮૭ ઉપર પ્રસિધ્ધ થયેલ લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા વિ. વસંત એન.મોદીનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો લક્ષમાં લેતા, હાલની અરજીમાં માંગેલ દસ્તાવેજો મળવાપાત્ર નથી. રોવીંગ અને ફીસીંગ ઈન્કવાયરી માટે પરવાનગી આપી શકાય નહી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલની અરજી નામંજુર થવા પાત્ર હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**<u>–: હુકમ :–</u>**

૧. અરજદારની આંક–૧૦ ની ડીસ્કવરી અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

જુનાગઢ.
તા.૩૧/૧૨/૨૦૨૫

**(જે.એસ.જાદવ)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, જુનાગઢ.
(જીજે.૦૧૪૨૪)